MUMBAI SAMACHAR
31 JAN 2015

કોર્પોરેટ

# ગુજરાત અને રાજસ્થાન માટે આઇનોક્સ વિન્ડ અને ટાટા પાવર વચ્ચે ૧૭૨ મેગાવૉટના વિન્ડ પાવર કરાર

મુંબઇ: ગુજરાત અને રાજસ્થાન માટે આઇનોક્સ વિન્ડ અને ટાટા પાવર વચ્ચે ૧૭૨ મેગાવોટના વિન્ડ પાવર કરાર થયા છે.

ગુજરાત ફ્લોરોકેમિકલ્સ લિમિટેડની પેટાકંપની અને ભારતની અગ્રણી વિન્ડ પાવર સોલ્યુશન્સ પ્રોવાઇડર આઇનોક્સ વિન્ડ લિમિટેડને ટાટા પાવર કંપનીની સંપૂર્ણ માલિકીની પેટાકંપની ટાટા પાવર રીન્યુએબલ એનર્જી લિમિટેડ તરફથી ગુજરાતમાં ૫૪ મેગાવોટ અને રાજસ્થાનમાં ૧૧૮ મેગાવોટના વિન્ડ-ફાર્મ પ્રોજેક્ટ મળ્યા છે.

બંને કંપનીના સમજૂતી કરાર અંતર્ગત આઇનોક્સે ગુજરાત અને રાજસ્થાનમાં તેનાં બે મેગાવોટનાં વિન્ડ ટર્બાઇન જનરેટર્સનાં ૮૬ યુનિટ્સ સપ્લાય અને કાર્યાન્વિત કરવાનાં રહેશે.

ગુજરાતના ભાવનગર જિલ્લાનાં રોજમાલ ગામ પાસે આવેલો પ્રોજેક્ટ જૂન ૨૦૧૫ સુધીમાં પૂરો કરવાનો રહેશે જ્યારે રાજસ્થાનમાં જૈસલમેર જિલ્લાના ડાંગરી ગામ પાસેનો પ્રોજેક્ટ માર્ચ ૨૦૧૬ સુધીમાં બે તબક્કામાં પૂરો કરવાનો રહેશે.

આઇનોક્સની જવાબદારી સાઇટ સંપાદન, પ્રોજેક્ટ ડેવલપમેન્ટ, ઇરેક્શન અને કમિશનિંગની તથા વિન્ડ પાવર પ્રોજેક્ટ્સને લાંબા ગાળા સુધી ઓપરેટ અને મેઇન્ટેન કરવાની રહેશે.

આ કંપનીના સીઇઓ કૈલાશ તારાચંદાનીએ જણાવ્યું હતું કે, આ સોદો વિન્ડ એનર્જી માટે ભારતની ક્ષમતા અને આ ક્ષેત્રમાં આઇનોક્સની વધતી જતી હાજરી પ્રદર્શિત કરે છે.

વિન્ડ એનર્જી વેલ્યુ ચેઇનમાં અમારી સર્વગ્રાહી ક્ષમતા અને એન્ડ-ટુ-એન્ડ સોલ્યુશન્સ વડે અમે ટાટા પાવરને દેશમાં તેમનાં વિન્ડ એનર્જી પોર્ટફોલિયોની વૃદ્ધિમાં મદદ કરીશું. અલબત્ત, ખનીજ તેલના ભાવમાં સતત ઘટાડો થઇ રહ્યો છે અને આ ક્ષેત્રના નિષ્ણાતો માને છે કે એકાદ વર્ષ સુધી ક્રૂડ ઓઇલ નીચી સપાટીએ ગબડતું રહેશે. પરંતુ સરકાર જ્યારે વૈકલ્પિક ઊર્જા સ્રોતને પ્રોત્સાહન આપવા માગે છે ત્યારે ખાનગી ક્ષેત્રની આ પહેલ દેશના અર્થતંત્ર માટે ઘણી ઉપયોગી સાબિત થઇ શકે એમ છે. સરકારના દરેક ઘરમાં વીજળીના સપનાને સાકાર કરવા આવી કવાયત આવશ્યક છે. ■